૦૧૮

ક્રમાંક:જીસીવીટી/પરીક્ષા/સુપિરીયર/૨૦૧૨ /૯૮૮૪
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ,
બ્લોક નં. ૧, બીજો માળ,
જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦
તા.૨૪/૫/૨૦૧૨

વંચાણે લીધા-

(૧) શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૬-૪-૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક તલમ/૧૨૨૦૧૨/૮૨૪૫૯/૨(૨)
(૨) નિયામકશ્રી, રોજગાર અને તાલીમ ના તા. ૦૩/૦૨/૨૦૧૨ ના પત્ર ક્રમાંક : સીટીએસખરીદઆર-૭/૨૦૧૨/૧૫/૧૫૦૧૭૯

પરીપત્ર-

રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી હેઠળ વિવિધ તાલીમ સંસ્થાઓ તેમજ અન્ય ખાતાઓ ધ્વારા ચાલતી અલગ-અલગ યોજનાઓની પરીક્ષા ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીગ, ગાંધીનગર ધ્વારા લેવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં ઓટોમોબાઈલ, કેમીકલ, સોલારપાર્ક અને સીએનસી ની તાલીમ ખુબ સફળ થયેલ છે. અને રાજ્યના યુવાનોને આ ક્ષેત્રમાં રોજગારી મેળવવાની વિશાળ તકો મળી રહે તે માટે રાજયમાં સામેલ પત્રક મુજબ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં શરૂ કરેલ સુપીરીયર ટેકનોલોજી કેન્દ્રોમાં સામેલ પત્રક મુજબ વિવિધ કોર્ષ શરૂ કરવામાં આવેલ છે. આવા સુપીરીયર ટેકનોલોજી કેન્દ્રોમાં તાલીમ મેળવતા તાલીમાર્થીઓની તાલીમ પૂર્ણ થયા બાદ પરીક્ષા યોજવાની રહે છે. વહીવટી સુવિધા તેમજ પરીક્ષાતંત્રમાં એકસુત્રતા લાવવા માટે હાલ પૂરતી વ્યવસ્થા તરીકે નીચે પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) એડમીશનની કાર્યવાહી સામાન્ય રીતે એક સાથે જ શરૂ થાય અને અલગ-અલગ સંસ્થામાં એક સાથે જ કોર્ષ શરૂ થાય તે માટેની ઉચિત કાર્યવાહી સંબંધિત વહીવટી શાખાએ નિયંત્રિત કરવાની રહેશે.

(૨) જે તે પરીક્ષામાં બેસવાપાત્ર ઉમેદવારોના બાયોડેટાની સંબંધિત કેન્દ્રના કો-ઓર્ડીનેટર દ્વારા પ્રમાણિત કરાયેલ હાર્ડ-કોપી તેમજ નિયત પ્રોગ્રામ દ્વારા એનાયત કરેલ સોફટકોપી માઁ જે તે માસની પાંચમી તારીખ સુધીમા જી.સી.વી.ટી ની કચેરી ખાતે મોકલી આપવાની રહેશે અને આ બાબતની જાણ નાયબ નિયામકશ્રીને પણ કરવાની રહેશે. ઉક્ત માહીતી નીચે મુજબના ઈમેલ પર મોકલવી.
E-Mail gcvtcstc@gmail.com

(૩) મોડી પરીક્ષા અંગે ઉપસ્થિત થતી કોઈ પણ બાબતની જવાબદારી સમય મર્યાદામાં પરીક્ષાનો ડેટા નહી મોકલનાર સંસ્થાના સંબંધિત સુપીરીયર ટેકનોલોજીના કો-ઓર્ડીનેટર અને સંસ્થાના વડાની રહેશે. આ અંગેનો કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

(૪) પરીક્ષા જે તે કેન્દ્ર/સંલગ્ન આઈ.ટી.આઈ દ્વારા નીચે દર્શાવેલ પરીક્ષા માળખા મુજબ કેન્દ્ર દ્વારા તૈયાર કરેલ ત્રણ સેટ પેપરમાથી એક સેટ સ્થાનીક ત્રણ સભ્યોની પરીક્ષા કમીટી બનાવી તેમના દ્વારા એક સેટ પસંદ કરી પરીક્ષાના સુચવ્યા મુજબ માળખા પ્રમાણે જે તે કેન્દ્ર ખાતે દર માસની ૨૮ તારીખે યોજવાની રહેશે.જો તાલીમનો સમયગાળો ૨૮ તારીખ બાદ પૂર્ણ થતો હોય તો તાલીમનો સમય પૂર્ણ થયા બાદ બીજા મહીનાની ૨૮ તારીખે પરીક્ષા યોજવાની રહેશે. તે દિવસે જાહેર રજા આવતી હોય તો

ત્યાર પછીના કામના દિવસે પરીક્ષા યોજવી. અને પરીણામની એન્ટ્રી જી.સી.વી.ટી.ના પ્રોગ્રામમાં (કચેરીની વેબસાઈટ www.gcvt.org પર મુકવામાં આવેલ છે) કરી સંબંધિત પ્રાદેશિક કચેરીને પરીક્ષા પૂર્ણ થયાના બીજા દિવસે જમા કરાવવાના રહેશે. સંબંધિત પ્રાદેશિક કચેરીએ ત્રીજા દિવસે પરીણામ જી.સી.વી.ટી ખાતે જમા કરાવવાનુ રહેશે. આ વ્યવસ્થા જી.સી.વી.ટી દ્વારા અન્ય સુચના આપવામાં ન આવે ત્યા સુધી ચાલુ રાખવાની રહેશે.

(૫) સુપીરીયર ટેકનોલોજી કેન્દ્રો ખાતે પરીક્ષાનું માળખુ નીચે મુજબ રાખવાનુ રહેશે.
સુપીરીયર ટેક્નોલોજીના કોર્ષ - જી.સી.વી.ટી ના છ માસથી ઓછા સમયગાળાના અભ્યાસક્રમો

| | | | |
|---|---|---|---|
| થિયરી-૧૦૦માર્કસ | પાસીંગ-૪૦(૪૦%) | સમયગાળો | ૨ કલાક |
| પ્રેકટીકલ-૩૦૦માર્કસ | પાસીંગ-૧૮૦(૬૦%) | સમયગાળો | ૪ કલાક |

જેમા પ્રેકટીકલ ૩૦૦ માર્કસ પૈકી (કવોલીટી, ચોકસાઈ, એટીટયુડના માર્કસ આવરી લેવા)

(૬) થીયરી/પ્રેકટીકલ પરીક્ષણ ઈન્ડસ્ટ્રીઝ/આઈ.ટી.આઈ.ના એક્સપર્ટ દ્વારા કરાવવુ.

(૭) કેન્દ્ર ખાતે ઉમેદવારને પ્રમાણપત્ર ઈસ્યુ કરવા રજીસ્ટર નિભાવવુ.

(૮) સુપીરીયર ટેકનોલોજીની જી.સી.વી.ટી દ્વારા લેવાતી પરીક્ષાની ફી ૫૦/- રૂ. લેવાની રહેશે અને તે પરીક્ષા સફળતા પૂર્વક ઉતીર્ણ કરનાર ઉમેદવારને જી.સી.વી.ટી દ્વારા ટુંકાગાળાનુ સર્ટીફીકેટ આપવામાં આવશે.

(૯) જી.સી.વી.ટી દ્વારા સુપીરીયર ટેકનોલોજી ની પરીક્ષા માટે પ્રશ્ન બેંક તૈયાર કરવાની હોઈ તે માટે આપના કેન્દ્રો ખાતે ચાલતાં વિવિધ કોર્ષ દીઠ ૫૦ સબજેકટીવ, ૧૦૦ ઓબજેકટીવ તથા ૫૦ પ્રેકટીકલ પ્રશ્નો તૈયાર કરવા. અને જીસીવીટી ખાતે મોકલવા જેથી આગામી પરીક્ષા ઓનલાઈન વિચારેલ હોઈ ઉપયોગ કરી શકાય.

(૧૦) ભારત સરકારશ્રી દ્વારા યોજાતી પરીક્ષાઓ/રાષ્ટ્રીયકક્ષાની પરીક્ષા આધારિત કૌશલ્ય સ્પર્ધાઓ અથવા અન્ય સત્તાધિકારી દ્વારા નિયત કરવામાં આવતી પરીક્ષા તારીખોને ઉપરોકત ટાઈમ શીડયુલ લાગુ પડશે નહી. પરંતુ તેવી પરીક્ષાઓ તેના મૂળ સમયપત્રક/સૂચનાઓ મુજબ લેવાની રહેશે.

નાયબ નિયામક(પરીક્ષા)
ગુજ.કાઉ.ઓફ વોક.ટ્રેનીંગ
ગાંધીનગર

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ સુપીરીયર ટેકનોલોજી કેન્દ્રો/ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ તરફ.....
નકલ સવિનય રવાના-
(૧) નાયબ નિયામકશ્રી (તાલીમ) ની પ્રાદેશિક કચેરી,અમદાવાદ/વડોદરા/રાજકોટ/સુરત
(૨) નાયબ નિયામકશ્રી/મદદનીશ નિયામકશ્રી, શાખા-'૨' તેમજ 'ટુંકો ગાળો' તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૩) કોમ્પ્યુટર સેલ (GCVT) પ્રમાણપત્ર તૈયાર કરવા સારૂ તથા વેબસાઈટ પર પ્રોગ્રામ મુકવા સારૂ